સર્વ પ્રકારની સિધ્ધીઓ ને આપનારાં શ્રી યમુનાજીને હુ નમન કરુ છુ.

મુરારિ શ્રી ક્રિષ્ણ ના ચરનારવિન્દ્ થી શોભતી પુષ્કળ રજ થી ભરેલા કિનારાવાળાં છે.

તે કિનારા ઉપ્પર નવીનવનો આવેલા છે તેમાં ઉત્તપન્ન થયેલી પુષ્પોની સુગન્ધથી યુક્ત જલવાળાં છે.

સુર અને અસુર અથવા દેન્યભાવ વાળા અને માનભાવ વાળાં વ્રજભક્તો થી સારી રીતે પુજાયેલાં છે કામદેવ ના પિતા એવા શ્રી ક્રિષ્ણની શોભા ને ધારન કરનારાં છે.

કલિન્દ નામના પર્વતના શિખર ઉપર વેગથી પડતા પ્રવાહ્ ને કારણ તેઓ ઉજ્જ્વલ દેખાય છે.

વિલાસપુર્વક ગતિ કરતાં હોવાથી તેઓ શોભે છે પર્વતના ઉન્ચા-નીચા પત્થરો ને લીધે તેઓ પન ઉન્ચા-નીચા લાગે છે.

જળ ના વેહવા ને કારણે થતા અવાજ સાથેની તેમની ગતિમા વધ ઘટ થાય છે.તેઓ જાને ઉત્તમ પ્રકાર ના જુલા મા સારી રીતે બિરાજ્યા હોય તેવાં લાગે છે.

તેઓ શ્રી મુકુન્દભગવાન પ્રત્યેનો આપનો પ્રેમવધારનારાં છે. આવાં સુર્યપુત્રી શ્રીયમુનાજી નો જય હો.

શ્રીયમુનાજી પ્રુથ્વી પર પધારે છે ત્યારે ભુમંડલ ને પવિત્ર કરે છે.

જેમ સખીજનો તેમની સેવા કરતાં તેમ વિવધ પ્રકારના મધુર અવાજો કરતા મોર,પોપટ, હન્સ વગેરે પક્ષી ઓ પણ તેઓ ની સેવા કરે છે.

તેમના જળ નાં મોજારૂપી શ્રી હસ્ત મોતીથી જડેલાં કંકણ શોભી રહ્યાં છે.

નિતંબ ભાગરૂપી બંન્ને બાજુના તટથી તેઓ સુંદર દેખાય છે. શ્રી ક્રિષ્ણ નાં પ્રિય એવાં એમના ચતુઁથ સ્વામિનીજી શ્રી યમુનાજી ને હું નમન કરુ છુ.

હે શ્રીયમુનાજી, આપ અસંખ્ય ગુણોથી સુશોભિત છો બ્રહ્મા વગેરે દેવો આપની સ્તુતિ કરે છે.

નિરંતર ગાઢ મેઘ સમાન આપનું સ્વરૂપ છે ધ્રુવ પરાશર વગેરે ને ઈચ્છિત વસ્તુ નુ દાન કરનારાં છો.

આપના કિનારા ઉપર વિશુદ્ધ્ મથુરા આવેલાં છે આપ સર્વ ગોપગોપી જનોથી વીંટળાયે લાં છે.

અને આપ કૃપાસાગર શ્રી ક્રિષ્ણ નો સદા આશ્રય કરી રહોછો હે શ્રી યમુનાજી આપ મારા મનને સુખ આપો.

ભગવાનના ચરનારવિન્દ્ માંથી પ્રકટ થયેલાં શ્રી ગંગાજી, શ્રીયમુનાજીના સમાગમથી મુરારિ શ્રી ક્રિષ્ણને પ્રિય બન્યાં.

તથા સેવા કરનારા પોતાના ભકતો ને સવઁ્ સિદ્ધિઓ આપનારાં થયાં.

આવાં શ્રીયમુનાજી ની બરાબરી બીજું કોન કરી શકે? જો કદાચ કરી શકે તો તે  તેમની સમાન સૌભાગ્યવાળાં શ્રીલક્ષ્મીજી જ છે.

આવાં શ્રી હરિ નાં પ્રિય અને ભકતો ના દોષનો નાશ કરવાવાળાં શ્રીયમુનાજી મારા મન મા નિરંતર વાસ કરો.

હૈ શ્રીયમુનાજી આપને સદૈવ નમન હો આપનુ ચરિત્ર અતિ અદભુત છે.

આપના જલના પાનથી યમ ની પીડા કદી પણ ભોગવવી પડતીનથી.

કારણકે પોતાના ભાણેજો દુષ્ટ હોય, છતાંય યમરાજા તેમને શી રીતે મારે?

જેવી રીતે કાત્યાયની વ્રત દ્વારા આપની સેવા કરીને શ્રીગોપીજનો પ્રભુને પ્રિય બન્યાં તેવી રીતે આપની સેવા દ્વારા ભક્તો પણ પ્રભુને પ્રિય બને છે.

શ્રીમુકુન્દ ભગવાનને પ્રિય એવા શ્રીયમુનાજી આપની સમીપમાં મને ભગવદ્‌લીલા માં ઉપયોગી થાય તેવો અલૌકિક દેહ્ પ્રાપ્ત થાઓ. તેના વડે મુરારિ શ્રી ક્રિષ્ણ પ્રભુમાં અત્યંત સરળતાથી પ્રીતિ થશે.

તેથીસ્તો આપની સ્તુતિ દ્વારા આપને લાડ કરું છું શ્રી ગંગાજી કેવડ આપના સમાગમથી જ દુનિયામાં કીર્તિ પામ્યાં છે. આપના સમાગમ વિનાનાં શ્રી ગંગાજીની સ્તુતિ પુષ્ટિમાર્ગીય જીવો એ કયારે પણ કરી નથી.

શ્રીલક્ષ્મીજીના સમાન સૌભાગ્યવાળાં હે શ્રીયમુનાજી આપની સ્તુતિ કરવા કોઇ સમર્થ નથી.

કારણ પેહલાં ભગવાનની સેવા કરી પછી લક્ષ્મિજીની સેવા કરનારને મોક્ષ પર્યતનુ સુખમળે છે.

પરંતુ આપનું મહાત્મ્ય સર્વથી શ્રેષ્ઠ છે કારણ કે રાસલીલા બાદ સકલ વ્રજ્ભકતો સાથે જલવિહાર કરતા પ્રભુને ભક્તો સહિત થયેલ ક્રીડાના શ્રમજલકણોનો જેમાં સન્યોગ થયો છે,

તેવા આપના જલકણો સાથે ભક્તોના બધા અંગોનો સમાગમ થતાં જ લીલાપ્રાપ્તિનો અનુભવ થાય છે.

હે સુર્યપુત્રી શ્રીયમુનાજી! આપના આ અષ્ટક નો જે કોઇ નિરંતર આનંદપુર્વક પાઠ કરે છે,

તેના બધા પાપો નાશ પામે છે તેને શ્રી મુકુંદ ભગવાનમાં પ્રીતિ થાય છે.

તેને સર્વ પ્રકારની સિધ્ધિઓ પ્રાપ્ત થાય છે,

અને એના સ્વભાવનો વિજય થાય છે એવુ શ્રી વલ્લભાચાર્યજી પ્રભુ કહે છે